## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




તારૂ શું માનવુ છે કે... દારૂ બંધી ન હોય તે સારૂ કે... દારૂ મોંઘો મળે એ...!!

# વિરોધ પ્રદર્શન કરતી ૭૦૦ આશાવર્કર બહેનોની અટકાયત



**વારંવાર રજુઆત છતા પડતર માંગણીઓનો ઉકેલ આવ્યો નથી**

ગાંધીનગર, તા.૧૨

રાજયભરની આશાવર્કર બહેનોની પડતર માંગણીઓનો ઉકેલ આજદિન સુધી આવ્યો નથી. જેથી આશાવર્કર બહેનોમાં રોષ ભભુકી ઉઠયો છે. પડતર પ્રશ્નો મુદ્દે તેઓ સરકાર સામે મોરચો માંડીને બેઠા છે. ત્યારે આજે પણ આશાવર્કર બહેનો મોટીસંખ્યામાં છાવણી ખાતે આવીને વિધાનસભા તરફ કુચ કરતા મહિલા પોલીસ કર્મચારીઓએ ૭૦૦ થી વધુ આશાબહેનોની અટકાયત કરતા ઘર્ષણના દ્રશ્યો જોવા મળ્યા હતા. કોરોનાની વૈશ્વિક મહામારીમાં એક દિવસની સેવાના આશાવર્કર બહેનોને માત્ર રૂ.૩૩ તેમજ ફેસિલિએટરને દિવસના રૂ.૧૭ નજીવી રકમ ચુકવાઈ હતી. એરીયર્સ સાથે રૂ.૩૦૦ દૈનિક ચુકવવા તેમજ ફિકસ પગારની માંગ છેલ્લા કેટલાક સમયથી પડતર છે. તે ઉપરાંત કામના કલાક નક્કી કરવામાં આવે, અને વધારાની કામગીરી ઓવરટાઈમ મુજબ મહેનતાણું ચુકવવામાં આવે, ૪૦ વર્ષ વટાવી ગયેલા આશાવર્કર બહેનો અને ફેસિલિએટર બહેનોને પેન્શન યોજનામાં સમાવેશ કરવો, માનદ વેતન, આઉટસોર્સિંગ, ફિકસ પગારની પ્રથા બંધ કરી કર્મચારીઓને કાયમી કરવા સહિતનો સમાવેશ થાય છે. મહિલા શકિત સેનાના નેજા હેઠળ આશાવર્કરોએ છાવણી ખાતે ધરણા નું આયોજન કર્યુ હતું. જેથી છાવણી ખાતે પોલીસનો લોખંડી પહેરો ગોઠવી દેવાયો હતો. ત્યારે એસટી ડેપોની પાછળ સેકટર-૧૧ ખાતે આશાવર્કર બહેનો મોટીસંખ્યામાં એકત્ર થઈ સચિવાલય તરફ કુચ કરતા પોલીસમાં ભાગદોડ મચી ગઈ હતી. બીએસએનએલ કચેરી પાસેથી આશા વર્કર બહેનોની અટકાયત કરવામાં આવી હતી. તે સમયે મહિલા પોલીસ અને આશા બહેનો વચ્ચે ઘર્ષણ તેમજ ટીંગાટોળીના દ્રશ્યો સર્જાયા હતા.

## ખૂણેખાંચરેથી

- ૧૪મી યોજનાર ગરીબ કલ્યાણ મેળાના આયોજનને આખરી ઓપ આપવામાં તંત્ર વ્યસ્ત બન્યુ છે.
- પત્રકાર ઉજવલ વ્યાસને આજે પેથાપુર નજીક અકસ્માત થતાં હાથે ફ્રેક્ચર થયુ છે.
- ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો ૩૬ ડિગ્રીએ પહોંચ્યો હતો.
- રાજયના મહિલા અને બાળ વિકાસ વિભાગે આજે ૧૩૧ જેટલા બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨ની બદલીના હુકમો જારી કર્યા છે.
- ગાંધીનગર શહેરમાં આજે બદલીના હુકમો સચિવાલય ઉપરાંત જાહેર સ્થાનો પર પણ ટોક ઓફ ધી ટાઉન બન્યા હતા.
- દહેગામ તાલુકામાં વિધાનસભાની આવી રહેલી ચૂંટણીઓને પગલે ખાનગી બેઠકોના સિલસિલાએ ભારે ઉત્તેજનાઓ જગાવી છે.
- ૧૭મીએ કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ ગુજરાત આવી રહ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં કોરોના પ્રિકોશન ડોઝ અભિયાનમાં આજે ૮૦૦થી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજથી સે. ૨૪ ખાતેથી 'જન સંપર્ક યાત્રાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ જન સંપર્ક યાત્રા આજે બપોરે ૩.૩૦ વાગે અંબેમાતાના મંદિર શિવમ્ એપાર્ટમેન્ટ ચોક ખાતેથી થશે.
- ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર કચરાના ઢગલા હવે મુખ્ય માર્ગો પર પણ જોવા મળી રહ્યા છે. ડિફેન્સ એક્સ્પોને પગલે ઘ રોડ પર સેન્ટ્રલ વર્જની સફાઈ હાથ ધરવામાં આવી છે.
- ગાંધીનગર શહેરમાં ટ્રાફિકનુ ભારણ હળવુ બને અને ગતિ અંગેના હુકમોનું પાલન થાય તેવી લોકજીભે ચર્ચા શરૂ થઈ છે.

# હવે પોસ્ટ ઓફિસમાં પણ ઈન્ટરનેટ બેન્કિંગ સુવિધા

## પોષ્ટ ઓફિસના દરેક બચત ખાતેદારને ઈન્ટરનેટ બેન્કિંગની સુવિધા મળશે

ગાંધીનગર, તા. ૧૨

સંદેશા વ્યવહાર રાજયમંત્રી, ભારત સરકાર, દેવુસિંહ ચૌહાણે ૧૨મીએ પિનકોડની સુવર્ણ જયંતિ નિમિત્તે 'સ્મારક પોસ્ટલ સ્ટેમ્પ'નું વિમોચન કર્યુ હતુ અને (બનાસકાંઠા મંડળ) સમાન સબ પોસ્ટ ઓફિસ (પાટણ મંડળ) અને પાર્સલ પેકેજિંગ યુનિટ, નવરંગપુરા હેડ પોસ્ટ ઓફિસમાં પાર્સલ બુકિંગ કરાવવા આવતા ગ્રાહકોને પેકેજિંગની સુવિધા ખૂબ જ વ્યાજબી ભાવે ઉપલબ્ધ થશે. આ પાર્સલ પેકેજિંગ જેવી વિવિધ સાઈજના બોક્સ, પેકેજિંગ મટિરિયલ, ફિલર, બી.ઓ.પી.પી. ટેપ વગેરે સુવિધાઓ છે. ઉપરોક્ત કાર્યક્રમ ૧૨મીએ સવારે ભારતીય ટપાલ વિભાગ, ગુજરાત સર્કલના ઉત્તર ગુજરાત ઝોન, અમદાવાદ દ્વારા ઓડિટોરિયમ, જીએમઈઆરએસ મેડિકલ કોલેજ, સિવિલ હોસ્પિટલ સંકુલ, ગાંધીનગર ખાતે યોજાયો હતો. હવે પોસ્ટ ઓફીસમાં પણ ઈન્ટરનેટ બેંન્કિંગની સુવિધા ઉપલબ્ધ રહેશે. આ કાર્યક્રમમાં ગ્રામીણ ટપાલ જીવન વિમા અંગેની માહિતીઓ આપવામાં આવી હતી. ભારત સરકારના ટપાલ વિભાગ દ્વારા ૧૯૯૫ થી શરૂ કરેલ ગ્રામીણ ટપાલ જીવન વીમા યોજના એ ગ્રામ્ય વિસ્તારમાં કાયમી ધોરણે વસવાટ કરતી વ્યક્તિઓ માટે જે સામાન્ય રીતે ભારતીય નાગરિક હોય અને જેની ઉંમર ૧૯ વર્ષથી ૫૫ વર્ષ સુધીની હોય તેમના માટે વિશિષ્ટ કલ્યાણકારી વીમા યોજના છે. આ સાથે જ પોસ્ટ ઓફીસના દરેક બચત ખાતેદારને ઈન્ટરનેટ બેંન્કિંગની સુવિધા મળશે. જેમાં પોસ્ટ ઓફીસના ઈન્ટરનેટ બેંન્કિંગની સુવિધા માટે પોસ્ટોફીસમાં બચત ખાતુ હોય તેમજ મોબાઈલ હોવુ જરૂરી છે. પોસ્ટ ઓફિસના ઈન્ટરનેટ બેન્કિંગની સુવિધા માટે એક વખત કેવાયસી આપવુ પડશે. પોસ્ટ ઓફીસના એક વખત ખાતાથી પોસ્ટ ઓફીસના બીજા ખાતામાં ગમે ત્યારે કોઈ ચાર્જ વગર નાણાં ટ્રાન્સફર કરી શકાય છે. ઈન્ટરનેટ બેંકિંગથી ઘેર બેઠા આરડી, પીપીએફ, સુકન્યા એકાઉન્ટમાં નાણા જમા કરાવી શકાશે અને પીપીએફ ખાતામાંથી નાણા ઉપાડી શકાશે.

# સેકટર-૧૧ અને સરગાસણ બ્રિજ નીચેથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરમાં ભર બપોરે સેકટર-૧૧ સ્કાય લાઈન કોમ્પ્લેક્ષ પાસે પાર્ક કરેલા બાઈકની ચોરી થઈ છે. તો બીજીતરફ સરગાસણ બ્રિજ નીચે બાઈક પાર્ક કરી અમદાવાદ ગયેલા શખ્સનું બાઈક કોઈ ઉઠાવી જતા ફરીયાદ નોંધાઈ છે. શહેરમાં વાહનચોરીના બનાવો અટકવાનુ નામ લેતા નથી. ત્યારે પોલીસ માટે પણ વાહનચોરીનો પ્રશ્ન માથાના દુખાવા સમાન બની ગયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર ચોકડી પાસે રહેતા અજય બળદેવભાઈ પ્રજાપતિ પરિવાર સાથે રહે છે અને એન્જીનિયરીંગનો અભ્યાસ કરે છે. અજય જી.જે.૧૮.એલ.-૬૭૧૨ નંબરના હીરો સ્પ્લેન્ડર બાઈકનો ઉપયોગ આવન જાવન માટે કરતો હતો. ગત તા.૮ ઓકટોબરના રોજ બપોરે એક વાગ્યાના અરસામાં સેકટર-૧૧ સ્કાયલાઈન કોમ્પ્લેક્ષના રોડ પાસે પાર્ક કર્યું હતું. બપોરે અઢી વાગે વકીલને મળી પરત આવીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી યુવકે આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી.પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. જેને પગલે યુવકે સેકટર-૭ પોલીસ મથકે રૂ.૮ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

તો બીજીતરફ સેકટર-૪ એ ખાતે કોળી ભવન ખાતે છેલ્લા ચાર માસથી મહેશ શિયાળીયા રહે છે. મહેશ અમદાવાદ સોલા ખાતે પ્રોમ્ટ સોફટવેર કંપનીમાં સોફટવેર એન્જીનિયર તરીકે નોકરી કરે છે. મહેશ પાસે સ્પ્લેન્ડર બાઈક જી.જે.૦૧.ડી.એ.-૯૮૫૫ નો ઉપયોગ નોકરી આવન જાવન કરતો હતો. મહેશ હોસ્ટેલ થી નોકરી પર જવા માટે નીકળ્યો હતો અને સરગાસણ બ્રિજ નીચે બાઈક પાર્ક કરી સવા આઠ વાગે બસ બેસીને નોકરી ગયો હતો.જયારે સાંજના સમયે નોકરીથી પરત આવીને જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પરથી અદ્રશ્ય થઈ ગયું હતું. બાઈક ચોરી થતા આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી. પરંતુ બાઈક મળી આવ્યું ન હતું.આખરે પોલીસ મથકે બાઈક ચોરીની ફરીયાદ નોંધાવી હતી.

# સિવિલમાં ઉભરાતી કચરા પેટીઓ..




ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે તાજેતરમાં રાષ્ટ્રપતિના હસ્તે સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલનું ખાતમુહર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહામહિમ આવવાના હોવાથી સિવિલમાંથી કચરાના ઢગલા હટાવી રાતોરાત રંગ રોગાન કરી ચોખ્ખીચણક કરી દેવામાં આવી હતી. સિવિલને શણગારવામાં કોઈ કચાશ બાકી રાખવામાં આવી ન હતી. સિવિલના સત્તાધિશો ખડેપગે હાજર રહ્યા હતા. ત્યારે મહામહિમની સિવિલની મુલાકાતને ગણતરીના દિવસો થયા છે. ત્યારે સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલનુ કામ પણ પુરજોશમાં શરુ થઈ ગયું છે. ત્યારે સિવિલ કેમ્પસમાં ૬૦૦ બેડની હોસ્પિટલની બાજુમાં કચરાની પેટીઓ ઉભરાતી નજરે પડી રહી છે. દિવસોના દિવસો વીતી જવા છતા મહાનગર પાલિકાની ટીમો કચરો લેવા માટે ન આવતા સિવિલમાં આ દ્રશ્યો સર્જાયા છે. ત્યારે સિવિલમાં ઉભરાતી કચરા પેટીઓ લેવા માટે કયારે મનપાની ગાડી આવશે તેની રાહ જોવાઈ રહી છે.

# બાઈક ચોરી કરતા ટોળકીના ત્રણ સભ્યો ઝડપાયા : ૬ ગુનાનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા.૧૨

રાજયના પાટનગરમાં વાહનચોરી અટકવાનું નામ લેતી નથી. ત્યારે એલસીબી-૨ એ બાઈક ચોરી કરતી ટોળકીના ત્રણ શખ્સોને પકડી પાડ્યા છે. પોલીસે વાહનચોરીના ૬ ગુનાનો ભેદ ઉકેલી નાંખી રૂ.૯૧ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.



સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ ના પીઆઈ જે.એચ.સિંધવ અને એચ.પી.પરમારની આગેવાનીમાં વિવિધ ટીમના જવાનોએ શંકાસ્પદ વ્યકિતઓની આકરી પુછતાછ શરુ કરી હતી.જે અન્વયે પૂર્વ બાતમીને પગલે સેકટર-૨૫ વિવેકાનંદનગર પાસેથી ત્રણ શખ્સોને શંકાસ્પદ હાલતમાં ઉઠાવી લીધા હતા. ત્યારપછી ત્રણેય શખ્સની વૈજ્ઞાનિક ઢબે પુછપરછ કરતા તેમના નામ સંદિપકુમાર રાજુભાઈ દંતાણી (રહે.બદપુરા ગામ ડેરી પાસે તા.માણસા), જયરાજસિંહ હરીસિંહ ચાવડા (રહે.કોઠા તા.કલોલ), અને પ્રકાશચંદ્ર હીરાલાલ ગુજજર (રહે રાંધેજા ગામના પાટીયા મૈત્રી એવન્યું સોસાયટીની બાજુમાં) હોવાનું જણાવ્યું હતું. આજથી વીસ દિવસ પહેલા વિજાપુર બજારમાંથી એક સ્પ્લેન્ડર બાઈક, પંદર દિવસ પહેલા સરીતા ઉદ્યાન પાસેથી એક સ્પ્લેન્ડર બાઈક, નવરાત્રી સમયગાળામાં સેકટર-૨૬ જીઆઈડીસીમાંથી સ્પ્લેન્ડરબાઈક, અઠવાડીયા પહેલા સેકટર-૨૬ ડી માર્ટના પાર્કિંગમાંથી બાઈક, ચાર દિવસ પહેલા મહાત્મા મંદિર પાસેથી હિરો સ્પ્લેન્ડર બાઈક તેમજ સરગાસણ ચોકડી પાસેથી સ્પ્લેન્ડર બાઈક ચોરી કરી હોવાની કબુલાત કરી હતી.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ સંદિપ અને જયરાજસિંહ બાઈક ચોરીને સ્ક્રેપના વેપારી પ્રકાશ ગજજરને વેચી મારતા હતા. આ શખ્સો પાસેથી પોલીસે બાઈક કબ્જે કરી રૂ.૯૧ હજારનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સિવિલ કેમ્પસમાં નર્સિંગ સ્ટાફના કર્મચારીઓ ગરબે ઘુમ્યા




ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં નર્સિંગ સ્ટાફ યુનિયન દ્વારા શરદ પૂર્ણિમાના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૧૦૮ દિવળાની માતાજીની આરતી કરવામાં આવી હતી. જયારે નર્સિંગ સ્ટાફના કર્મચારી ભાઈ બહેનો પરંપરાગત વસ્ત્રોમાં ડી.જે.ના તાલે ગરબે ઘુમ્યા હતા. જયારે આ ગરબા મહોત્સવમાં બેટી બચાવો, બેટી પઢાવો, વૃક્ષો વાવો, પાણી બચાવો, પર્યાવરણ બચાવો સહિતના સુંદર સ્લોગન દ્વારા સમાજમાં જાગૃતિ ફેલાવા પ્રયાસ કરાયો હતો. કેમ્પસમાં ગરબાને લઈ અનોખો માહોલ જોવા મળ્યો હતો.જયારે વિજેતા ખૈલેયાઓ ભાઈ બહેનોને વિવિધ ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ જાગૃતબેન પટેલ સહિત નર્સિંગ સ્ટાફ પરિવારના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## મહુન્દ્રા વિસ્તારમાં પ્રસંગોમાં ડાન્સ કરતી ઘોડીના નિધનથી ભારે શોક

ચિલોડા, તા. ૧૨

ચિલોડા પાસે આવેલ મહુન્દ્રા ગામમાં સાજન નામની નવલખી તરીકે પ્રખ્યાત લગ્ન પ્રસંગોમાં સૌને આકર્ષક સફેદ સાજન ઘોડી દેખાવ તેમજ ડાન્સર તરીકે અવ્વલ નંબરથી ઓળખાતી સાજન તે હરહંમેશ છૂટા હાથે ડાન્સ કરવામાં સન્માન પ્રાપ્ત કર્યુ હતુ. આ સાજન પ્રિય ઘોડી ચાહકો નવલખીના ઉપનામથી આગવી શૈલીરૂપે પહચાન ધરાવતી હતી. જેને બ્લડ કેન્સર થતાં કેન્સરગ્રસ્તથી મૃત્યુ નીપજયુ હતુ. સાજન ઘોડીના માલિક ઠાકોર સહદેવજી વેચાતજી તથા તેમના ત્રણેય પુત્રો સંજય ઠાકોર, કિશન અને દિપક ઠાકોરના પરિવારજનો તથા સાજન ઘોડીના અવસાનના સમાચાર પંથકમાં પ્રસરતાં આખા વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે. સાજન ઘોડીની ઉંમર ૪૫ વર્ષની હતી.

